બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૩ માર્ચ, ૨૦૧૩)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

## ☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ, બારમી આવૃત્તિ - એપ્રિલ ૨૦૧૧)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''એ સદ્‌ગુરુ તો ગુણાતીતાનંદ સ્વામી છે.'' (૧૦/૨૪)

➯ મહારાજ - સંતોને

➯ ફૂલદોલના સમૈયામાં મહારાજ 'સદ્‌ગુરુ ખેલે વસંત' એ હોરીનું પદ ગાતાં એવા સદ્‌ગુરુ તરીકે ગુણાતીતાનંદ સ્વામીની ઓળખ આપતાં કહે છે.

૨. ''તારે ઘેર થાળ જમે છે તે જ આ સિંહાસન ઉપર બિરાજમાન છે.'' (૧૪/૩૩)

➯ રામાનંદ સ્વામી - લાધીબાઈને

➯ લાધીબાઈ પોતાના ઘેર મહારાજને જમાડતા હોય છે. ત્યારે સમાધિ થાય છે. અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર મહારાજ બિરાજ્યા છે. ત્યારે રામાનંદ સ્વામી મહારાજની પુરુષોત્તમ નારાયણ અને સર્વ અવતારના કારણની ઓળખ આપતાં કહે છે.

૩. ''તમારે ત્યાં અનાજમાં જીવાત નહિ પડે.'' (૨૩/૬૩)

➯ મહારાજ - કેશાબાને

➯ દેવળિયામાં મહારાજ જાલમસિંહ બાપુના દરબારમાં દાખલ થાય છે ત્યારે કેશાબા ચોકમાં ઘઉં પાથરતાં હતાં. મહારાજે કહ્યું, 'કેશાબા ! શું કરો છો ?' ત્યારે કેશાબાએ કહ્યું 'આ ઘઉંમાં જીવાત પડે છે તે તડકે નાખું છું. ત્યારે મહારાજ કહે છે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. સત્સંગીઓએ સૂર્યોદય પહેલાં જાગવું જોઈએ. (૧/૨)

જ. મોડા ઊઠવાથી આપણા પુણ્યનો નાશ થાય છે. વહેલા ઊઠવાથી શારીરિક સ્ફૂર્તિ અને માનસિક પ્રસન્નતા રહે, સારા વિચારો આવે છે અને સાત્ત્વિક વાતાવરણમાં ભગવાનનાં ધ્યાન, ભજન, સ્મરણનો અનેરો આનંદ અનુભવાય છે.

૨. દરિયાદેવને ખાતરી થઈ કે ચારે ભાઈઓ સંપવાળા છે. (૮/૨૧)

જ. દરિયાદેવ ચારેય ભાઈઓ પાસે વારાફરતી બ્રાહ્મણનું રૂપ લઈને ગયા. બીજા ભાઈઓની વિરુદ્ધની વાત કરી તો બધેથી એક સરખો જ જવાબ મળ્યો. 'મારો ભાઈ એવું કદી બોલે જ નહિ.' આથી દરિયાદેવને ખાતરી થઈ કે ચારે ભાઈઓ સંપવાળા છે.

૩. કાશીદાસની સાથે આવેલા મુમુક્ષુઓના મનમાંથી સંશય ટળી ગયો. (૧૨/૨૯)

જ. મહારાજે સભામાં વાત કરતાં કહ્યું કોઈ કષ્ટ વેઠીને કાશીની જાત્રાએ જાય પણ ગંગાજીનું પાણી ડહોળું જોઈને તેમાં સ્નાન ન કરે કે પાણી ન પીએ તો તેને કેવો જાણવો ? આ સાંભળી કાશીદાસની સાથે આવેલા મુમુક્ષુઓના મનમાંથી સંશય ટળી ગયો.

**પ્ર.૩** 'વ્યાપકાનંદ સ્વામી' (૩/૧૩-૧૬) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

ઉત્તર ભારતના ઝરણાપરણા ગામના મુમુક્ષુ રામાનંદ સ્વામીની પ્રશંસા સાંભળીને દર્શન કરવા ફણેણી આવ્યા, ત્યારે સ્વામી દેહ મૂકી ગયા છે તેવા સમાચાર સાંભળીને તેમને ખૂબ આઘાત થયો. મહારાજે તેમના મનની વાત જાણી રામાનંદ સ્વામીનાં દર્શન કરાવવાનું આશ્વાસન આપ્યું. અને મહારાજના આગ્રહથી શીતળદાસ ફણેણીમાં રોકાઈ ગયા. મહારાજે તેમને સ્વામિનારાયણ મંત્રની ધૂન, કરવા કહ્યું. જ્યાં ધૂન શરૂ થઈ કે એકાએક શીતળદાસને મહારાજની ઇચ્છાથી સમાધિ થઈ. દિવ્ય સમાધિમાંથી જાગ્રત થઈને પોતાને થયેલ દિવ્ય દર્શનની વાત કરી. તેજોમય ધામમાં તેજોમય સિંહાસન ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન છે. અને રામ, કૃષ્ણ આદિક અવતારો તેમ જ ખુદ રામાનંદ સ્વામી પણ મહારાજની સ્તુતિ કરે છે. તેવાં દર્શનની વાત તેમણે સભાને કરી. શીતળદાસે મહારાજની પૂજા કરી પરંતુ અનંત મુક્તો હતા અને પોતે એક જ તેથી એક સાથે પૂજા કરી શકે તેમ ન હતા. પછી મહારાજે એવા સંકલ્પ કરવાનું શીતળદાસને કહ્યું, કે જો રામકૃષ્ણ આદિક અવતારો અથવા રામાનંદ સ્વામી સર્વોપરી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ હોય તો મારાં અનેક રૂપ થાય. પરંતુ આમ થયું નહિ. પછી તેમણે એવો સંકલ્પ કર્યો કે જો શ્રીજીમહારાજ

પૂર્ણ પુરુષોત્તમ હોય તો મારાં અનેક રૂપ થાય. આ સંકલ્પ કર્યો કે તરત જ તેમનાં અનેક રૂપ થયાં અને એકી સાથે તેમણે અનંત મુક્તોની પૂજા કરી. રામાનંદ સ્વામીએ શીતળદાસને મહારાજના સર્વોપરી સ્વરૂપની વાત કરી. શીતળદાસને મહારાજે ભાગવતી દીક્ષા આપી અને વ્યાપકાનંદ સ્વામી એવું નામ પાડ્યું. પછી સ્વામી એક વખત ફરતા ફરતા થાનગઢ પાસે, વાસુકીનાગના પુરાતની મંદિરમાં ઊતર્યા. અહીં ઘુમટમાં ગોઠવેલ નૃત્ય કરતી પાષાણની પૂતળીઓ પર દૃષ્ટિ પડતાં જ તેમને આ પૂતળીઓ નાચતી દેખાઈ. આથી એમને સ્ત્રીની મૂર્તિપ્રતિમાં પણ ન જોવી તેવો નિષેધ મહારાજે કર્યો છે તેની મહત્તા સમજાઈ. એક વખત સ્વામી ફરતાં ફરતાં બોટાદ હમીર ખાચરને ત્યાં પધાર્યા ત્યારે દરબારમાં થતી રોકકળ સાંભળી તેમણે પૂછપરછ કરી. જ્યારે જાણ્યું કે દીકરા જેવી વહાલી હમીર ખાચરની ઘોડી મરી ગઈ છે તેથી દયાળું સ્વામીએ સ્વામિનારાયણ મંત્ર બોલીને પાણીની અંજલિ ઘોડી પર નાંખી. અને એક મચ્છરિયાનો જીવ લઈને ઘોડીમાં નાંખી દીધો. ઘોડી જીવતી થઈ ગઈ. આ બાજુ મહારાજને ખબર પડી. સ્વામી જ્યારે ઝીંઝાવદર મહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજે હસતાં હસતાં ખીમબાઈને પોતાના પ્રભુ માટે થાળ કરવાની આજ્ઞા કરી. સ્વામી દિલગીરી સાથે બોલ્યા કે મને આમ કેમ કહો છો ? હું તો આપનો સેવક છું. ત્યારે મહારાજે કહ્યું, 'તમે મૂઆને જીવતા કરો છો માટે અમે તમને પ્રભુ કહ્યા સ્વામીએ પોતાને બાપુની દયા આવી તેથી આમ કર્યું તેમ જણાવી મહારાજની માફી માંગી. મહારાજે તેમને સમજાવ્યું કે, 'આપણે મૂઆને જીવતા કરવા નથી આવ્યા. આપણે તો દરેક જીવને આત્મા અને પરમાત્મા નું સાચું જ્ઞાન શીખવવાનું છે. અજ્ઞાન દૂર કરી સૌને અક્ષરધામમાં લઈ જવાના છે. અમારી ઈચ્છાથી ઘોડી સજીવન થઈ પણ કોઈ રાજાનો કુંવર મરી જશે અને તેને જીવતો નહિ કરી શકો તો રાજા તમને મારી નાખશે. માટે ઉપદેશ આપવો પણ ચમત્કાર ન બતાવવો, સ્વામીને ઘણો પશ્ચાતાપ થયો અને ગદ્ગદ કંઠે મહારાજની માફી માંગી.'

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. સગરામનો કયો સંકલ્પ શ્રીજીમહારાજે પૂર્ણ કર્યો ? (૨/૧૩)

જ. મહારાજને પોતાના કૂબામાં પધરાવવાનો સગરામનો સંકલ્પ શ્રીજીમહારાજે પૂરો કર્યો.

૨. શ્રીજીમહારાજે રાજી થઈને દૂબળી ભટ્ટને શું આપ્યું હતું ? (૧૫/૩૬)

જ. શ્રીજીમહારાજે રાજી થઈને દૂબળી ભટ્ટને પોતાનો વેઢ ને કડું પ્રસાદીરૂપે આપેલા.

૩. શાસ્ત્રીજી મહારાજે કયા પાંચ ઉપવાસ નિર્જળા કરવાની આજ્ઞા કરી છે ? (૧૬/૪૦)

જ. શાસ્ત્રીજી મહારાજે શ્રીહરિ જયંતી (રામનવમી), જન્માષ્ટમી, દેવપોઢી (અષાઢ સુદ) એકાદશી, પ્રબોધિની એકાદશી, જળઝીલણી એકાદશી, આ પાંચ ઉપવાસ નિર્જળા કરવાની આજ્ઞા કરી છે.

૪. આત્માનંદ સ્વામી ધર્મ અને મહોબત વિષે શું કહેતા ? (૧૧/૨૮)

જ. 'ધર્મ અને મહોબતને બને નહિ. **અથવા** 'ધર્મ રાખવો હોય તો મહોબત છોડવી પડે અને મહોબત રાખવી હોય તો ધર્મનો ત્યાગ કરવો પડે.

૫. દેવરામભાઈ ક્યાંના રહેવાસી હતા ? (૨૦/૫૭) જ. દેવરામભાઈ કચ્છમાં ભુજ ગામના રહેવાસી હતા

**પ્ર.૫** 'ભગવાને કહ્યું છે જે, જેવો હું સત્સંગે કરીને ....' (૨૪/૬૮) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**'ભગવાને કહ્યું છે જે, જેવો હું સત્સંગે કરીને વશ થાઉં છું એવો તપ, યજ્ઞ, યોગ, વ્રત, દાનાદિક સાધને કરીને પણ વશ નથી થતો. તે સત્સંગ તે શું ? જે મોટા એકાંતિકને હાથ જોડવા અને તે કહે તેમ કરવું એ જ છે.'**

ભાગવતના એકાદશ સ્કંધનો શ્લોક છે. કલ્યાણનાં અનેક સાધનો - તપ, યજ્ઞ, યોગ, વ્રત, દાન વગેરે તેનાથી લાંબા ગાળે કલ્યાણ થાય. એક ગામમાં બે ભાઈઓ - નાનાભાઈને સંત સમાગમ બહુ ગમે - મોટાભાઈને જાત્રા વધારે પસંદ - મોટાભાઈનો જાત્રાએ જવાનો આગ્રહ - નાનાભાઈનો ઈન્કાર - એકવાર જાત્રાએ જતા મોટાભાઈને નાનાભાઈએ પોતાની તુંબડી જાત્રા કરાવવા માટે આપી - મોટાભાઈ તુંબડીને જાત્રા કરાવે - નદીમાં ઝબોળે - ભગવાનનાં ચરણારવિંદને અડકાડે - મોટાભાઈ જાત્રા કરીને ઘેર આવ્યા - નાનાભાઈએ જમવાનું આમંત્રણ આપ્યું - તુંબડીમાં પાણી પીવા આપ્યું - ખૂબ કડવું - કડવાશ ન ગઈ - ફરી એકવાર નાનાભાઈએ મોટાભાઈને જમવાનું કહ્યું - હવે કડવી તુંબડીનું પાણી પીવા ઈન્કાર - નાનાભાઈએ પોતે પીધું - મોટાભાઈને નવાઈ - નાનાભાઈએ સમજાવ્યું કે આ તુંબડી જાત્રામાં મીઠી થઈ નહીં પણ તેને એક સંત મળ્યા - સંતે તેનો કડવો ગાળ કાઢી નાખ્યો - સ્વચ્છ કરી. તેમ અંતરની કડવાશ જે કામ, ક્રોધ, લોભ વગેરે શત્રુઓ જાત્રાએ જવાથી નહીં પણ સંત સમાગમથી જ જાય આ દૃષ્ટાંતનો સિદ્ધાંત - સારા સત્પુરુષનો સંગ એ જ સત્સંગ - સંત એ જ મોક્ષના દાતા - એવો નિશ્ચય કરી લેવો - તે હાથ જોડ્યા કહેવાય - જેમ કહે તેમ મન-કર્મ-વચને કરવું.

**પ્ર.૬ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. છપૈયાપુરમાં વહાલો આપે પ્રગટ થયા, ધર્મભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા. સંતોને આનંદ ઉપજાવતા હો. (૨૫/૭૧)

૨. તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કછુ નહિ હોય, એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય.
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ, એહી માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ. (૭/૧૯)

૩. જીવ અનંતના મોક્ષને અર્થે અનાદિ અક્ષર સાથ લઈ, પ્રભુ
પુરુષોત્તમ નારાયણ પોતે, પ્રગટ્યા માનવ દેહ ધરી,
સ્વામી ગુણાતીત અનાદિ અક્ષર, પુરુષોત્તમ સહજાનંદજી, (૧૩/૩૨)

૪. **ગુજરાતી ભાષાંતર :** મહાન પુરુષોને મન, વાણી અને કર્મમાં એકતા હોય છે. અને દુષ્ટ પુરુષોને મન, વાણી અને કર્મમાં ભિન્નતા હોય છે. (૨૨/૬૦)

**(વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ, તેરમી આવૃત્તિ - મે, ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''શ્રીજીમહારાજના મળેલા મોટા સંત દુખાય તે ઠીક નહીં.'' (૯/૧૯)

➫ કેટલાક મોટા સદ્‌ગુરુઓ- આચાર્ય મહારાજને

➫ ડુંગર ભક્તને દીક્ષા આપવાની વિજ્ઞાનાનંદ સ્વામીની વિનંતી છતાં આચાર્ય મહારાજે કંઈ સાંભળ્યું નહિ. ગોરધનભાઈ કોઠારીએ પણ બહુ રસ લીધો નહિ. ત્યારે કહે છે.

૨. ''મારા ઉપર રાજી રહેજો અને સદા દૃષ્ટિ રાખજો.'' (૧૮/૩૩-૩૪)

➫ યજ્ઞપુરુષદાસ - જાગા ભક્તને

➫ યજ્ઞપુરુષદાસજીએ જાગા ભક્તની બંધી તોડાવી ત્યારે જાગા ભક્તે કહ્યું 'આજથી મારાથી જે જે સત્કર્મ થાય, જે જે જીવોનું કલ્યાણ થાય તે બધાનું પુણ્ય તમને છે.' ત્યારે કહે છે.

૩. ''આજના તો તેમને કાઢવા બેઠા છે.'' (૩૨/૫૭)

➫ ગોરધનભાઈ કોઠારી - હીરાભાઈને

➫ હીરાભાઈ સત્સંગી થયાના સમાચાર ગોરધનભાઈને મળે છે. ત્યારે કહે છે. આ સાંભળી હીરાભાઈને સ્વામીશ્રીનો મહિમા સમજાયો.

**પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. વરતાલમાં પૂનમની સભા કથાવાર્તા કર્યા વગર જ વીખરાઈ ગઈ. (૨૬/૪૬)

જ. વરતાલમાં પૂનમની સભામાં આચાર્ય મહારાજ આવ્યા ત્યારે ગલભાઈએ અક્ષરપુરુષોત્તમ મહારાજની જય બોલાવી અને સૌએ તે ઝીલી. પછી જ સૌને ખબર પડી કે આ તો ભૂલ થઈ ગઈ. પણ હવે શું થાય ? સૌ દાઝના માર્યા હતા તેથી સભા પણ કથાવાર્તા કર્યા વગર જ વિખરાઈ ગઈ.

૨. ડુંગર ભક્તે અંગ્રેજી ભણવાની ના પાડી. (૫/૧૦)

જ. ડુંગર ભક્તને ભણીને પરતંત્ર રહેવાની અમલદાર તરીકેની નોકરી જોઈતી ન હતી. તેમને તો વિદ્વાન સાધુ થઈને ઘણાને બ્રહ્મવિદ્યા ભણાવવી હતી.

૩. વઢવાણમાં મંદિર કરવા નિર્મળદાસજીએ શાસ્ત્રીજી મહારાજને મદદ કરવા વિનંતી કરી. (૨૨/૪૦)

જ. આખા સંપ્રદાયમાં અજોડ, નીડર અને કામ પાર પાડે તેવા આ એક જ પુરુષ હતા. તેમના શિષ્યો પણ નિષ્ઠાવાળા અને તેમના માટે પ્રાણ આપે તેવા અને ધનની મદદ કરે તેવા છે. આમ વિચારીને વઢવાણમાં મંદિર કરવા નિર્મળદાસજીએ શાસ્ત્રીજી મહારાજને મદદ કરવા વિનંતી કરી.

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. નિર્ભયતા (૪/૬-૭)** ડુંગર ભક્ત નાનપણથી નીડર હતા. એક વખત તેમના પિતાશ્રી તેમને સૂતેલા મૂકી ખેતરે ગયા. થોડી વારે ડુંગર ભક્ત જાગી ગયા. જોયું તો પિતાશ્રી ન હતા. મધરાત થઈ હતી. છતાંય ઊભા થઈ હાથમાં લાકડી લઈ સ્વામિનારાયણનું નામ લેતાં લેતાં ખેતરે પહોંચી ગયા. આમ, આવી કાળી રાત્રે એકલા આવેલા જોઈ પિતાશ્રીએ પૂછ્યું, 'બીક ન લાગી ?' રસ્તામાં ભૂત થતું હતું, તેવી વાત છે. ને તરત જ ડુંગર ભક્તે નિર્દોષ વાણીમાં કહ્યું, 'તમે કહેતા હતા ને કે જે સ્વામિનારાયણ નામ લેતાં લેતાં ચાલે, તેની ભેળા મહારાજ પણ ચાલે છે અને તેની રક્ષા પણ કરે છે. એટલે હું પણ મહારાજને ભેળા લઈને આવ્યો છું. ભૂત આવ્યું હોત તો આ લાકડી મારીને નસાડી મુકત.' તેમની આવી બળની વાતો સાંભળી પિતાશ્રી તો રાજી થઈ ગયા.

**૨. મંદિર અને સત્સંગથી જુદા નથી (૨૯/૫૦-૫૨)** વરતાલ મંદિરમાં સ્વામીશ્રીને રહેવાય તેવું રહ્યું ન હતું. કોઠારી ગોરધનભાઈએ પણ સ્વામીશ્રીના હેતવાળા હરિભક્તોને કહ્યું હતું ' આ વખતે શાસ્ત્રીને મૂકીને જશો નહિ. તે ખાસ ભલામણ છે.' હરિભક્તોએ આ વાત સ્વામીશ્રીને કહી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું 'દેહ પડે તો ભલે પણ છૂટા પડવાની વાત ન કરશો. ભગતજી મહારાજે મને કહ્યું છે કે તમારા કટકા કરી નાખશે તો હું સાંધી દઈશ પણ વરતાલનો દરવાજો છોડશો નહિ.' રાજકોટથી પૂનમના સમૈયામાં શ્રીકૃષ્ણજી અદા આવ્યા અને સર્વ વાત જાણીને કહ્યું તમે કહો છો તે સાચું પણ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં દેશકાળ અનુસાર વર્તવાની આજ્ઞા કરી છે. માટે આપે હવે અહીં રહેવું નહિ. સ્વામીશ્રીએ કહ્યું, તમે બોલ્યા તે સાક્ષાત્ ભગતજી બોલ્યા છે તેમ હું જાણું છું. માટે આપની ઈચ્છા પ્રમાણે કરીશ. સમૈયા પછી હરિભક્તો સ્વામીના માટે આચાર્ય મહારાજ પાસે ચિઠ્ઠી લેવા ગયા ત્યારે તેમણે ગુસ્સે થઈને કહ્યું તેને કોણ ચિઠ્ઠી

આપે ? બધો દેશ પડ્યો છે, જ્યાં જવું હોય ત્યાં જાય. આ વાત જાણી સ્વામીશ્રી બોલ્યા, 'આપણે મંદિર અને સત્સંગથી જુદા પડવું નથી પણ કદાચ મહારાજની મરજી હોય તો બહાર નીકળવું પડે.

**૩. સમર્થ વક્તા (૧૯/૩૪-૩૫)** શિવલાલ શેઠના પૌત્ર હરિલાલ શેઠ સત્સંગિ જીવનની કથા કરાવતા હતા. કથા કરાવવા માટે ચાર પુરાણીઓ રાખ્યા. તેમાં શાસ્ત્રીજી મહારાજનો વારો સૌથી છેલ્લો હતો. તેમની કથા કરવાની અનોખી શૈલી, વચનામૃતનું શુદ્ધ જ્ઞાન અને બીજાં શાસ્ત્રોનો આધાર રાખીને દ્રષ્ટાંત સહિત નિરૂપણ કરવાની પદ્ધતિથી બધા બહુ જ રાજી થતા. બીજે દિવસે શેઠને કથામાં આવવા બોલાવવા સૌ ગયાં. તો શેઠે તરત જ કહ્યું, ' યજ્ઞપુરૂષદાસ કથા કરવા બેસે ત્યારે મને બોલાવજો.' આ સાંભળી સાધુઓને ઈર્ષ્યા થઈ. છેલ્લે દિવસે પ્રથમ કોનું પૂજન કરવું તે પ્રશ્ન નીકળ્યો. ત્યારે શેઠે સ્પષ્ટ કહી દીધું જેની કથાથી વધુ સમાસ થયો હોય તેનું પૂજન પ્રથમ કરવું. યજ્ઞપુરૂષદાસની કથાથી સૌને આનંદ થયો છે તેથી તેમનું પૂજન પ્રથમ થવું જોઈએ..' જ્યારે તેમને હલકાં પાડવાના આશયથી ઘનશ્યામદાસ સ્વામી બોલ્યાં કે, આજે તો દરજી અને મોચીને ગુરૂ કર્યા છે તે આ સભામાં પૂજાય છે. પણ શાસ્ત્રીજી મહારાજ શુરવીર હતા, તેમણે તરત જ કહ્યું, 'ગુરૂ થવાનો અધિકાર એકલા ભગવાંધારીઓને જ નથી પણ જે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર અને એકાંતિક સ્થિતિના ધારક એવા પ્રાગજી ભક્ત તથા જાગાભક્તમાં જાતિભાવ જોશો તો મહારાજ સહન નહીં કરે. આમ કહી તેઓ બેસી ગયા.'

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. કયા પ્રસંગે શાસ્ત્રીજી મહારાજની હાથી પર નગરયાત્રા નીકળી હતી ? (૫૩/૮૬)
જ. ૮૫મી જન્મજયંતી (સુવર્ણતુલા) પ્રસંગે શાસ્ત્રીજી મહારાજની હાથી પર નગરયાત્રા નીકળી હતી.
૨. શાસ્ત્રીજી મહારાજે નારાયણસ્વરૂપદાસજીની પ્રમુખ તરીકે વરણી કેટલી ઉંમરે કરી ? (૫૫/૮૯)
જ. શાસ્ત્રીજી મહારાજે નારાયણસ્વરૂપદાસજીની પ્રમુખ તરીકે વરણી ૨૮ વર્ષની ઉંમરે કરી.
૩. યજ્ઞપુરુષદાસજીએ ડભોઈમાં ભગતજી મહારાજ પ્રત્યેનો અભાવ કોનામાંથી કાઢી નાખ્યો ? (૧૫/૨૭)
જ. યજ્ઞપુરુષદાસજીએ ડભોઈમાં મોરલીધરદાસજીને ભગતજી મહારાજ પ્રત્યેનો અભાવ હતો તે કાઢી નાખ્યો.
૪. વિજ્ઞાનાનંદ સ્વામીનું મંડળ ચલાવનાર પાસે શું જોઈએ ? (૧૨/૨૪)
જ. વિજ્ઞાનાનંદ સ્વામીનું મંડળ ચલાવનાર પાસે ચરણારવિંદ હોવા જોઈએ.
૫. યજ્ઞપુરુષદાસજીએ ગઢડામાં શાસ્ત્રાર્થમાં કોને હરાવ્યા ? (૧૬/૩૦)
જ. યજ્ઞપુરુષદાસજીએ ગઢડામાં મહીધર શાસ્ત્રીને શાસ્ત્રાર્થમાં હરાવ્યા.

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩ (૨૦/૩૬) **૨.** ૧, ૩, ૪ (૨૪/૪૨-૪૩) **૩.** ૩, ૪ (૫૦/૮૩)

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **અટલાદરામાં મંદિરનો આદર :** વડોદરાથી ત્રણ માઈલ દૂર અટલાદરા ગામમાં મથુરભાઈ રહેતા હતા. આમ તો મથુરભાઈ બોચાસણના હીરાભાઈના જેવા જ હતા. (૪૯/૮૨)
૨. **ગૃહત્યાગ :** ડુંગર ભક્તનું મન વિજ્ઞાનાનંદ સ્વામીને મળવા થનગની રહ્યું હતું. વિઠ્ઠલદાસ શેઠ સાથે બોરીઆવી સ્ટેશને આવ્યા. (૮/૧૫-૧૬)
૩. **અજાતશત્રુ :** સ્વામીશ્રી પાંચ સંતો સાથે મંદિરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ આવ્યા અને હરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના કરી. (૩૦/૫૩)
૪. **અક્ષરપુરુષોત્તમની ઝોળી :** આ કામમાં જે પાયા ખોદશે, તગારાં ઉપાડશે, પથરા ઉપાડશે, અરે ! એક દોકડો પણ જે આપશે, તે સર્વને શુદ્ધ કરીને શ્રીજીમહારાજ અક્ષરધામમાં લઈ જશે. (૪૫/૭૬)
૫. **પ્રાકટ્ય અને આશીર્વાદ :** તા. ૩૧-૧-૧૮૬૫ બપોરના ૧૨-૦૦ વાગ્યા પહેલા ચરોતર પ્રદેશના શ્રીજીમહારાજના પ્રસાદીના મહેળાવ ગામે શાસ્ત્રીજી મહારાજનો જન્મ થયો. (૨/૨)
૬. **ગંગા-સાગરનો સંગમ :** સ્વામીશ્રીએ ચોવીસ એકર જમીન માગી, જે દીવાન સાહેબે લીમડી દરબાર પાસેથી અપાવી અને બાકીની જમીન ધોળકાના શેરમિયાં પાસેથી લીધી. (૩૭/૬૫)

❑ ❑ ❑